## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

આંખ મીંચી ખાયકી કરનારા ખોવાઇ જાય છે
પોતે તો જાય જેલમાં, પક્ષ વગોવાઇ જાય છે!
કોહવાઇ ગયું વૃક્ષ લોક શાહીનું લાગી ઉધઇ -
તપાસપંચોના અહેવાલની ભવાઇ થાય છે..
(ખાયકી-તપાસ-ને ક્લીનચીટ)

### હાઇકુ

દેશી-વિદેશી,
દારૂથી જ, નર્મદા -
કેનાલો ભરો!
(રાજયમાં રેલમછેલ)

આપણા નેતા
'સુપ્રીમ' સોટીથી જ
ચાલે સખણા!
(બધી બાબતમાં આદેશો)

### ચિંતન

**એક સ્તપો દ્વિરધ્યાયી ત્રિભિર્ગીતં ચતુઃ પથમ્ ।**
**સપ્ત પંચ કૃષિણાં ચ સંગ્રામો બહુભિર્જનૈઃ ॥**

'એકલો માણસ હોય તો તપ-સાધના કરે, બે જણ ભેગા થાય તો અભ્યાસ કરે, અને ત્રણ જણ એકત્ર થાય તો ગીત-ગૂંજન જેવા કાર્યક્રમ થાય - ચાર ભેગા થાય તો પ્રવાસમાં રસ્તો કપાય છે, પાંચથી સાત માણસો એકઠા થાય તો ખેતી કરે છે પણ ઘણા માણસો ભેગા થાય તો યુદ્ધ કરે છે.'

એવું કહેવાય છે કે 'ટોળા'ને બુદ્ધિ કે વિચારશક્તિ હોતાં નથી ભલે વકીલોનું ટોળું ઘરણાં-સરઘસ કાઢે કે કોલેજના લેકચરર પણ જયારે ટોળામાં આવી જાય ત્યારે ટોળાનું 'માનસ' તોફાની - અને અક્કલ વિનાનું થઇને કોઇની દોરવણીનો કાબૂ તેના પર રહેતો નથી.

જો સાધના-તપ-વાચન કરવું હોય તો એકલામાં જે અભ્યાસ થાય તે સમૂહમાં થતો નથી - કંઇકને કંઇ વાતચીત થયા કરે અને એનો અંત નથી હોતો.

ત્રણ ચાર જણા મનોરંજન અને ટોળા ટપ્પાંના કાર્યક્રમમાં ચઢી જાય છે એમની પાસે 'ગંભીર' ચર્ચાનો વિષય હોતો નથી હોય તો પણ એક - બે અંદર એવા હોય જે વાતને આડે પાટે ચડાવી દે છે, પાંચેક સમજુ લોકો મળે તો વિકાસનું કે રચનાત્મક કાર્યક્રમ થાય - ઘણીવાર પાંચસો માણસોનાં સંગઠનમાં કામ કરનારા તો પાંચેક જણ જ હોય છે.

### સુવિચાર

- જીવન એક પુષ્પ છે અને પ્રેમ એની સુગંધ છે - **વિક્ટર હ્યુગો**
- પ્રેમનાં બંધથી બંધાયેલાને કોઇ જ વિખૂટા પાડી નથી શકતું - **ટાગોર**
- વેર રૂપી વાનગીને ઠંડી પડે ત્યાં સુધી રાહ જોવી જોઇએ - **રોમાં રોલાં**
- તમને જયાં સુધી રસ્તો દેખાય છે ત્યાં સુધી તો આગળ થાવ! પછી રસ્તો એની મેળે દેખાવા લાગશે - **રોબર્ટ બેન્સન**
- જે આંસુ બહાર નિકળતાં નથી એ અંદર રહીને હૃદયને વલોવી નાખે છે - **ધૂમકેતુ**
- સાવચેતી એ બુદ્ધિનું સૌથી મોટું સંતાન છે - **વિક્ટર હ્યુગો**
- ધૃણા કરવાનું કાર્ય શૈતાનનું છે, અને પ્રેમ કરવાનું કાર્ય દેવનું છે.. - **ભર્તૃહરિ**

### બોધ કથા

રાજકારણી નેતા હોય અને એમાં વળી કોઇ પદ-સત્તાનો દારૂ પીધો હોય પછી પૂછવું જ શું? એમને ખોટું કરવાનો, અનીતિ આચરવાનો તો જાણે પરવાનો જ મળી જાય છે પોતાના ઘરનાં સંતાનોની હાજરીમાં પણ સોદાબાજી ચાલતી જ હોય.

સાવિત્રી બાઇ વિધવા હતા. એકના એક પુત્રના ઉછેરની જવાબદારી આવી પડી. સાવિત્રીબાઇ ખાનદાની કુળના નિષ્ઠાવાન સંસ્કારી હતા. સાદુ પણ શ્રમભર્યું જીવન જીવતાં.

જથ્થાબંધ શાક મારકીટમાંથી ભાજી ખરીદી, માથે ટોપલો ઊંચકી મુંબઇની ચાર-પાંચ માળની બિલ્ડીંગોમાં બાંધેલા ગ્રાહકોને ભાજી વેંચતાં અને બાળકને ભણાવી ગણાવી ગ્રેજ્યુએટ કર્યો.

પુત્રમાં બાળપણથી જ નેતૃત્વનાં સંસ્કાર હતા. કોલેજથી ચૂંટણી લડવાનું શરૂ કર્યું હતું. બધી ખટપટોથી વાકેફ - મ્યુનિસિપાલીટીમાં કાઉન્સીલર થયો અને મોભો વધ્યો.

રાજકારણી થયા પછી જે દુર્ગુણો આવ્યા એની નોંધ સાવિત્રીબાઇએ લીધી પણ મૌન રાખ્યું.

એકવાર ઘરમાં જ નેતાઓની બેઠક હતી અને સાવિત્રી ભાજી વેંચી ટોપલો લઇ ઘરમાં આવ્યાં.

તે દિવસે પુત્રએ કહ્યું - મા! તમે હવે ભાજી વેંચવાનું બંધ કરો - મારો મોભાનો તો કંઇક ખ્યાલ રાખો!

મા એ તરત કહ્યું - બેટા! ઇમાન વેંચવા કરતા - તાજી ભાજી વેંચવી વધુ સારી છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# બાળપણની સંતાકૂકડી..!! ફિર યાદ આયા ગુજરા જમાના બચપન કા...!!

## વેકેશનની બાળરસીકરણ યોજના : કરાટે, સ્વિમીંગ, સ્કેટીંગ, ટ્રેકીંગ, સંગીત, ડાન્સ, ડ્રોઈંગ, કોમ્પ્યુટર... એક જ રસીથી બાળક સર્વાંગ સંપન્ન!

### વેકેશન સુધારવું છે? વડીલો આ લેખ વાંચે અને એમની ગાંડી ઘેલછા સંતોષવાને બદલે ૨૦ વર્ષ પહેલાની દેશી રમતો બાળકો સાથે રમી રમાડી બાળકોના છીનવાઇ રહેલાં બાળપણને જીવંત બનાવે

### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

રવિવારે ઘરની સામેના આંગણામાં ઘણા બધાં બાળકો ક્રિકેટ રમતાં હતાં. મનેય ક્રિકેટનો ક્રેઝ એટલે એમની સાથે જોડાયો, અર્ધો કલાક ટીચ્યા પછી એમને પૂછ્યું કંઈક નવું રમવું છે? બધાં તૈયાર થઈ ગયાં અને મેં એમને સાથે 'સતોલીયું' રમત રમી અને શીખવી... ઘણાં અંગ્રેજી મિડીયમનાં હોવાથી એમને આ નામ બોલવામાંય તકલીફ પડેલી... પણ મજાની વાત એ રહી કે આ તમામને આ રમતમાં એટલી મજા પડી કે, હવે દરરોજ સાંજે સાત પથરા ગોઠવાઈને સતોલીયું રમાય છે.

ટેબલેટના જમાનાના આ બાળકોને કોમ્પ્યુટર, મોબાઈલ, વિડીયો ગેમ અને ટીવી સિવાય પણ આટલું મનોરંજન મળે છે એવું જાણીને અચરજ થયું, બસ પછી તો રોજ સાંજ પડે ને મારા નામની બુમો ચાલુ થાય અને આમેય આપણને બાળકોમાં પૂરતો રસ પછી તો રોજ નવી રમતો રમાડવાની ચાલુ થઈ. ગીલી દંડા, ભમરડા, લખોટી, સાત તાળી, કીંગ, ચોર પોલીસ, આઈસ પાઈસ, ખોખો, કબડ્ડી, દોરડાકુદ, આંધળો પાટો, ઈંડુ,... અને નવાઈની વાત તો એકે આ મોટા ભાગની રમતનાં નામેય એમને અચરજ પમાડતાં.. દૂધ પીતો, કચપૂચિયો કે અંચાઈ, માટલી ચિરાણી શબ્દો એમની ડિક્ષનરી બહારનાં હતાં...

કોણ જાણે કેમ પણ આજે ૨૦ વર્ષ બાદ કોમ્પ્યુટર માટે અભાવ થાય છે. એ માહિતી ખૂબ આપે છે પણ સંવેદના નથી આપતું, એ કયારેક જડ બનાવી દે છે. બધી જ માહિતી અને મનોરંજન પણ હંમેશા માઉસનાં છેડે મળી રહે છે, ને માણસ કુદરત સાથેનું તાદાત્મ્ય ગુમાવે છે. શારીરિક શ્રમનું ઓટોમેશન કરવાનો પ્રયત્ન કોમ્પ્યુટર કરાવે છે... ગીલી દંડા, ભમરડાં, લખોટી, ખોંચમણી, ટાયર દોડાવવાની અરે ઈવન સાયકલ પ્રવાસ પણ હવે દેશી રમતોમાં ખપી જાય છે.. ખુલ્લા પગે આંબાએ જઈ કેરી પાડીને ભાગી જવાની હિંમત બાળકોમાં રહી નથી... અત્યારે તો મનમાં એમ જ થાય છે કે કોમ્પ્યુટર વેચીને થોડી ભાઈબંધી ખરીદી શકાય ખરી? કયાંથી? કેવી રીતે?



ટીવીનાં જન્મ પહેલાં એટલે કે ૯૦ના દસકા પહેલાની જુની શેરી કે દેશી રમતો એ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે. એ રમતોથી બાળકનું બુદ્ધિ કૌશલ્ય, ખેલ ભાવના, તડકો, છાંયડો, મિત્રતા, મહેનત જેવા ગુણોનો વિકાસ કરવામાં અગત્યનો ભાગ ભજવતી.. આજે તો આવી રમતો રમવામાંય બાળકો નાનપ અનુભવે છે.. દિવાલે કોલસાથી લીટી દોરી, કે સાયકલનાં પાછલાં પૈડાનું સ્ટમ્પ બનાવી, કપડાં ધોવાનાં ધોકાથી અને કાગળની પસ્તીને ટ્યુબની રીંગ રબ્બર ચઢાવી બનાવેલાં દડાથી ક્રિકેટ રમ્યા હોય એનો આનંદ કે વસ્તુ ભેગી કરવાની મથામણમાં ભેજામારી કરેલી એ આજે ક્યાં ગાયબ છે?

સ્કૂલમાં વેકેશન પડવાનું હોય એટલે મામાનું ગામ તો વાડકુંજ, ગામમાં જઈ નદીમાં ધુબાકા મારવાનાં, કુવામાં કુદવાનું, ખેતરમાં કેરીઓ પાડવાની, ઝાડ પર આંબલી પીપળી રમવાનું, ઝાડની ડાળે બળદની રાસ બાંધી હિંચકો ઝૂલવાનું, પલપલીયા પાડી લાવવાનાં, સાંજે નાના-નાની વાર્તાઓ કહે, રાત્રે સંતાકૂકડી, ચોર-પોલીસ, સાતતાળી, આંધળો પાટો, ગીલીદંડા, નીરગોલ. ઈંડુ, ધરધર, હુતુતુ, લંગડી, ગોટી, કોડી, ભમરડો, થપ્પો, પાટ એવી રમતોની મોજ ચાલે.. બપોરે પત્તા અને એમાં ગધ્ધા ચોર, ઢગલા બાજી, મંગૂસ, સાત-આઠ, દો-તીન-પાંચ, બ્લેક કિવન, દસ્સો, મીંડીં કોટ, ૪૨૦ એટલાં પ્રકાર કે જલસા પડી જાય...

સાપસીડી, કોડી અને નવો વેપાર એટલે બપોર પાસ અને એ સીઝનમાં સૌ ઘઉં લાવે એટલે મમ્મી બધાને ૪ થી ૬ વીણવા કે શેરડીનો રસ( યસ, દસીયામાં અર્ધો ગ્લાસ શેરડીનો મીઠો રસ મળતો) પીવા મળી જાય... અઠવાડીયે એકવાર સાયકલ પ્રવાસ સરિતા ઉદ્યાનનો અને ત્યાં બોરાં વીણવાનાં અને નદીમાં નાહ્યા બાદ તરબૂચ ખાવાનું એટલે ગરમી ગાયબ.. આ બધી દેશી રમતોમાં કોયડા, ઉખાણા પણ આવે, ફિલ્મોની પટ્ટીઓ ફર્સ્ટ કરાવવાની , હિરોના ફોટા કે માચીસની છાપો પણ રમવાની, ભણવાની જૂની ચોપડીઓની લેવડ-દેવડ પણ મજા મસ્તીનાં માહોલમાં થતી.. કેરમ, ચેસ, બેડમીટંન તો મોંઘા શોખ કહેવાય એટલે આ જેનાં ઘરે હોય એ છોકરાનું પાછું મહત્વ વધી જાય..

એ વખતે વડિલો આજુબાજુના બાળકોને ભેગા કરી પંચતંત્ર, હિતોપદેશ, ગીજુભાઈની વાર્તાઓ, જીવરામ જોશીની મિયા ફુસ્કી, તભા ભટ્ટ, અડિકીયો-દડુકીયો, છકો-મકો, ધરતીનો છેડો ઘર, બાળ-રામાયણ, મહાભારત, વિક્રમ વેતાળ, સિંહાસન બત્રીસી, અરેબીયન નાઈટ્સની વાર્તાઓ કહેતા કે વંચાવતા.. માર પપ્પા પણ એ વખતે અરેબીયન નાઈટ્સની વાર્તાઓ સળંગ મહિના સુધી ચલાવતાં.. એ વખતે મોટી શેતરંજી પાથરી આખા એપાર્ટમેન્ટનાં સૌ ધાબે સુવે અને ત્યારે વાર્તા કે અંતકડી રમાય.. રાત્રે તારાઓની ઓળખાણ પણ થાય...

સેક્ટરનાં બગીચા સાંજ પડે કિલ્લો કરતાં થાય, હિંચકામાં ઝુલવા નંબર લગાવવો પડે. સેક્ટર-૨૮ નાં મોટા બગીચામાં દર ગુરૂવારે ટ્રેનનું ભાડું ૧૦ પૈસા એટલે મિત્રો ભેગા થઈ ત્યાં પહોંચી જાય અને ટ્રેનનો આંટો મારી ઘરે પાછા આવે... આજે દરેક સેકટરમાં અદ્યતન બગીચાઓ, લીલી લોન છતાં બાળકોની નીરસતાં જોઈ એમનાં બાળપણનો થઈ રહેલો દૂર્વ્યય ડંખે છે...

મને જો કદાચ મારૂં બાળપણ પાછું મળે તો ઉપર દર્શાવેલી બધી રમતો બાળકોની હાજરી વગર કેમ રમી શકાશે? આજનાં મા-બાપ તો વધારે ભણેલા અને આધુનિક વિચારસરણીના છે, તો એમાં એમનાં બાળકોનાં બચપણને કયાં સ્થાન છે? અરે હા, હું તો ભૂલી જ ગયો કે વેકેશન શરૂ થાય એ પહેલાં આધુનિક મા-બાપો કેટલાંક વર્ગો કરાવવાનું નિશ્ચિત કર્યું હશે. કરાટે, સ્વિમિંગ, સ્કેટીંગ... દરેકની તગડી ફી ચુકવાઈ હશે. દરેક મા-બાપને ચિંતા છે કે કયાંક મારૂં બાળક બીજા કરતાં પાછળ રહી જશે તો? આ દેખાદેખીમાં બાળકનું જે થવું હોય તે થાય, સાંજ પડે થાકેલું બાળક ટીવી. રીમોટ - કોમ્પ્યુટરને વળગે છે, કારણ મા-બાપ પાસે પેલી રમતો રમવાનો સમય જ નથી...

પહેલાં આર.એસ.એસ.ની શાખા કે બાલકજી બારી ચાલતી, સરકાર રમતોની શિબિરો ચાલતી એ બધામાં સંસ્કાર અને સૌષ્ઠવનું મહત્વ હતું અને અત્યારે બાળકની ઈચ્છા નહીં મા-બાપની ઘેલછાનું વધુ મહત્ત્વ છે... મને એક વિચાર આવ્યો કે આવી ગાંડી ઘેલછા સંતોષવા વેકેશનમાં એક બાલરસીકરણ યોજનાના બનાવી શકાય? જેમ વિજ્ઞાને પોલીયો, કૉલેરા, શીતળા, કમળો, ઓરી, અછબડા, ટીબીની રસી શોધી કાઢી છે એમ જ કોઈ વૈજ્ઞાનિક કરાટે, સ્વિમિંગ, સ્કેટીંગ... જેવી રમતોની વેકેશન કોર્સ સ્પેશિયલ રસી શોધી કાઢે તો દર સપ્તાહે વેકેશન દરમિયાન બાળકને રસી આપી દેવાથી બાળ સંપૂર્ણ સર્વાંગ સંપન્ન બની જાય... એ મા-બાપને પણ નિરાંત અને સંતોષ થાય કે તેઓએ બાળકોનાં વિકાસ માટે તમામ પ્રયાસો કર્યાં છે!!

બાળકોને તેમની રીતે જ ખીલવા દેવા ઈશ્વર આજના આ આધુનિક અને માત્ર દેખાદેખી કરી બાળકનું બાળપણ છીનવી લેતા મા-બાપને સદ્બુદ્ધિ આપે એવી પ્રાર્થના અને સાથોસાથ મને વહેલો જન્મ આપ્યો જેથી આ રમતો રમી શકવાનો ઈશ્વરનો આભાર...

**ચૂંટલો :**

ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ સમાન દેશી રમતો સતોલીયું, કિંગ, ઈંડુ, નારગોલ,પત્તા, નવો વેપાર વેકેશનનો સદ્ઉપયોગ કરવા અમે તો સોસાયટીનાં છોકરાઓ સાથએ રમવાનું શરૂ કર્યું, અને તમે કયારે કરશો?

# દયા, કરૂણા, સહાનુભૂતિ, સ્નેહ માનવમાં રહેલી નૈસર્ગિક વૃત્તિઓ છે, જે માનવતાનાં આભૂષણ સમાન છે

### નવાં ક્લેવર

- નટવર હેડાઉ

અતુલ પોતાના ઘરમાં એકલો બેઠો છે. ચહેરા પર ઉદાસીનતા અને આંખમાં આંસુ છે. બે દિવસથી ખાવાનું પણ ખાધું નથી. જમવાનું બનાવે તો પણ કઈ રીતે? ભોજનની સામગ્રી ખરીદવા માટે ખિસ્સામાં કાણી કોડી પણ નથી. શેરીના માણસો પહેલાં તેને ઘેર આવતાં જતા, પણ હવે કોઇ તેની સામે જોવા પણ તૈયાર નથી. દયા, કરૂણા, સહાનુભૂતિ, સ્નેહ માનવમાં રહેલી નૈસર્ગિક વૃત્તિઓ છે. જે માનવતાનાં આભૂષણ સમાન છે. પરંતુ એવું લાગે છે કે એ બધો ગ્રહણ લાગી ચુક્યું છે. દરેક વ્યક્તિના વિચારો ખુબ સ્વાર્થી થઇ ગયા છે. તેમાં સૌ કોઇ પોતાનો સ્વાર્થ સાધવામાં મસ્ત છે. આ સમય અને સંજોગોએ અતુલ ને અંદર અને બહારથી હલબલાવી દીધો છે. તેના માતા-પિતા સ્વાભિમાન સાથે પોતાનો જીવન નિર્વાહ કરતાં હતા. એ જ સંસ્કારો અતુલને મળ્યા છે. કોઇની સામે હાથ લાંબો કરીને પોતાના સ્વાભિમાનને ઠેસ પહોંચાડવા માંગતો નથી. તે જાણે છે કે પરિશ્રમ અને આત્મવિશ્વાસ માનવના સાચા સાથીદાર છે. તેની ઉપસ્થિતિમાં કોઇ પણ વ્યક્તિ પોતાની મનોવાંછના ને સહજ રીતે રજૂ કરી શકે છે. તેથી પરિસ્થિતિનો પડકાર ઝીલીને એ કુલીનું કામ કરવા લાગ્યો. દિવસભરની મજુરીથી જે કંઇ મળે તેનાથી એ જીવન નિર્વાહ કરતો અને રાત્રે નિરાંતે સૂતો. ધીમે ધીમે તેને એમાં ફાવટ આવી ગઇ હતી.

પણ બધા દિવસો એક સરખા હોતા નથી. આજે એ જ વ્યક્તિને, સામાન ઊંચકીને જઇ રહ્યો છે. તે બહુ વજનદાર છે. છતાં હિંમત કરીને ગંતવ્ય સ્થાન સુધી પહોચી ગયો. અચાનક તેની નજર ઘરના દરવાજા પર ટીંગાડેલ નેઇમ પ્લેટ પર પડી. તેના ઉપર કેશવલાલ ખેતિયા બેંક મેનેજર લખેલુ છે. બારણાનું તાળું ખોલીને તે અંદર પ્રવેશ્યા. અતુલ પણ સામાન ઊંચકીને તેમની પાછળ પાછળ દાદરના પગથિયાં ચડવા લાગ્યો. અને બતાવેલી જગ્યાએ સામાન મુકી દીધો. તે પછી તેમને પાંચની નોટ કાઢીને તેનાં હાથમાં પકડાવી દીધી. અતુલ કંઇક કહેવા માંગતો હતો. પણ સંકોચશીલ સ્વભાવ ને કારણે મન મારીને ચુપ રહ્યો, અને પાંચની નોટને ખિસ્સામાં નાખી પગથિયાં ઉતરવા લાગ્યો ત્યારે તેમની પત્નીએ કહ્યું "બેટા, આ ભયંકર ગરમીમાં તારાં કપડાં પલડી ગયા છે, પાંચ મીનીટ બેસી પરસેવો સુકવી લે પછી જજે." મમતા ભર્યા એ શબ્દો સાંભળી તેના પગ અટકી ગયા. તે બારણા પાસે બેસીને પોતાના ઝભ્ભાને બે હાથ પકડીને હવા ખાવા લાગ્યો. ભારે વજનદાર સામાન ઊંચકવાના કારણે તેનું ગોરું મુખ લાલ થઇ ગયું હતું એ તેના પર પરસેવાના ટીપા કમળનાં ફૂલ પરના ઝાકળ બિંદુઓ લાગતાં હતા. તેનાથી પ્રભાવિત થતાં તેમણે પૂછ્યું.

"તારૂં નામ શું છે?"

"અતુલ"

"મા-બાપ શું કામ કરે છે?"

"હું નવ વર્ષનો હતો ત્યાં જ મારી મા મરી ગઇ હતી. બાપુજી એક ફેક્ટરીમાં નોકરી કરતા, ચાર મહિના પહેલાં એક એક્સિડન્ટમાં તે પણ ગુજરી ગયા."

આ સાંભળી નિઃસંતાન દંપત્તીનું હૃદય ભરાઇ આવ્યું. માંડ માંડ તેમણે તેને પૂછ્યું, "તમે કેટલા ભાઇ બહેન છો?"

"હું એકલો જ છું."

"તારાં કોઇ સગાં સંબંધી નથી."

"ના એવાં કોઇ નથી. જેને હું મારા કહી શકું. હા એક સંબંધી છે એ છે મારૂં આત્મબળ. એ જ મારા સુખદુઃખમાં સાથ આપે છે. તેના કારણે જ હું લુખુંસુખું ખાઇને પણ જીવું છું અને થોડા પૈસા બચે તેમાંથી ઓરડીનું ભાડું ભરૂં છું."

"શું તું ભણેલો ગણેલો નથી?"

"હાયર સેકેન્ડરી સાયન્સના વિષયો સાથે ફર્સ્ટ કલાસમાં પાસ થયો છું."

"તો પછી કુલીનું કામ શું કામ કરે છે?"

ભણવા કે ધંધો કરવા માટે રૂપિયાની જરૂર પડે છે એ મારી પાસે નથી. તેથી મજબુરીવશ આ ધંધો અપનાવ્યો છે.

આ વાતો એ તેમના હૃદયમાં પડેલા ઘા ને તાજા કરી દીધા. એ તો પગે લાગીને આંખમાં આંસુ સાથે દાદરો ઉતરી ગયો પણ કેશવલાલ અને તેમનાં ધર્મપત્ની કલ્યાણીબહેનને વ્યથિત કરી ગયો. તેઓ વાત્સલ્યના દર્દને કારણે અર્હનિશ વ્યથિત કરી ગયો. તેઓ વાત્સલ્યા દર્દને કારણે અહર્નિશ વ્યથિત રહેવા લાગ્યા. જેની તેમના સ્વાસ્થ્ય પર ખુબ ખરાબ પ્રભાવ પડ્યો. તે પોતાની પત્નીની માનસિકતા સમજી ગયા. પણ તેનો ઉપચાર પાસે ન હતો. એક દિવસ એ તેને પિક્ચર જોવા લઇ ગયા. પિક્ચર પૂરૂં થતાં રાત્રે ઘેર પાછા ફરતાં હતા. રાતનો સમય હતો. ઠંડી પણ બહુ હતી. તેથી એ લોકો ઝડપભેર જતાં હતા. રસ્તામાં મંદિરના પગથિયે કામળો ઓઢીને થોડા સામાન સાથે અતુલ બેઠો હતો. તેમને નજીકથી પસાર થતાં જોઇ તરત ઊભો થઇ હાથ જોડી બોલ્યો. "સાહેબ નમસ્તે!" આ અવાજ જાણીતો લાગ્યો. તે ઊભા રહી ગયા અને પૂછ્યું "તું અહીં ક્યાંથી? અહીં કેમ બેઠો છે?"

"આજે મકાન માલિકે ઓરડી ખાલી કરાવી દીધી. જેનું કોઇ નથી તેનો ભગવાન છે. તેથી અહીં બેઠો છું. માતૃત્વનું દુઃખ એક લાંબા અરસાથી કલ્યાણી બહેનને કોતરી ખાતું હતું. આ સાંભળીને એ રડતાં રડતાં ડૂસકાં ભરવા લાગ્યાં. આ વિકટ પરિસ્થિતિમાં તેમણે સામાન ઊચકતા કહ્યું,'આવા હોંશિયાર દિકરી માટે મારી ઘરનાં દરવાજા ખુલ્લા છે.' પણ પહેલાં તો અતુલ સાથે જવા માટે આનાકાની કરવા લાગ્યો. પણ પછી કલ્યાણીબહેનના મમતા ભર્યા ચહેરા પર દુઃખની લાગણી જોઇ ડુમો ભરાઇ આવતાં બોલ્યા, 'બા, તમારી એ જ ઇચ્છા છે તો ચાલો." આ શબ્દોથી પ્રથમ વખત સંબોધન સાંભળીને કલ્યાણીબહેનનું હૃદય વાત્સલ્યથી છલકી ઊઠ્યું. સામાન લઇને ત્રણે ત્યાંથી નીકળ્યાં. ઘેર આવીને પરસ્પર સુખદુઃખની વાતો કરી. તેઓ એકબીજામાં એવાં ઓતપ્રોત થઇ ગયાં કે સમયનું ભાન ન રહ્યું. એકાએક કેશવલાલની નજર ઘડિયાળ તરફ ગઇ. રાતના બે વાગી ગયા હતા. તેથી કલ્યાણીબહેને ઉભા થઇ પથારી કરી. તે પછી સુઇ ગયા. સવારે ઉઠીને અતુલે બંનેને ચરણ સ્પર્શ કર્યા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આપણી આસપાસનાં સામાન્ય માણસો સાથે ભરપૂર નિસ્બત રાખી એમની પડખે ઊભા રહેવાની જરૂર આપણને લાગે છે ખરી?

### પારિજાત

- રેખા ભટ્ટ

**આપણી વ્યથા**
**અવરને મન રસની કથા**
**ઇતર ન કંઇ તથા!**

**- રાજેન્દ્ર શાહ**

"મોઇ, મરી જઇશ, પેટમાં ચૂંકાતું નથી? તું નવાઇની લાજુ લાડી ના જોઇ હોય તો?"

સવલી પરાણે ઊભી થાય માને આમ બબડતી સાંભળીને, તોયે ખાડીની બીજી બાજુ જતાં એને ટાઢ ચડી જાય... કયાંકથી ગાવાના, હસવાના દબાયેલા અવાજો! સવલી, ઝાકઝમાળ દુકાનો વચ્ચેથી એક બંગલા આગળ આવી અટકી. ભૂખ, તરસ, અને પેટનો અમળાટ! આવડા મોટા ઘરમાં બધું હશે તો ખરૂં સ્તો! પતાવી દેવાય તો કાલે ખટપટ નહીં.

ચોકની એક તરફ બે મોટ્ટા બાથરૂમ, સરસ સુંવાળી ગુલાબી અને આસમાની ટાઇલ્સ વાળા. પેલી ફિલ્મમાં જોયેલા બાથરૂમ યાદ આવી ગયો. બાજુમાં એકદમ ચોખ્ખું, બરાબર બંધ થાય એવું. પાકી મજબૂત દિવાલોવાળું... આમાં જવાનું? આ બધાં આમાં જતાં હશે?

આંખો ફાડીને એ જોઇ રહી. બારણું બંધ થાય એટલે બધું યે બહાર રહી જાય... આપણને તો અંદર કશી બીક નહીં, કશો રઘવાટ નહીં. કોઇથી ખોલાય સુદ્ધાં નહીં, કોઇને દેખાય નહીં...

હરખની મારી સપનું જોતી હોય એમ સવલી અંદર દાખલ થઇ, એની પાછળ બારણું બંધ થઇ ગયું, ચસોચસ.

('બારણું' - હિમાંથી શેલત)

★ "પોલિટેકનીક" તખ્તસિંહ પરમારની વાર્તામાં પણ વિષય રજૂ થયો છે... ગામની સ્ત્રીઓ શૌચાલયની સગવડ ના હોવાથી, ગામની બહાર જુદી જુદી જગ્યાઓ શોધે છે. વસ્તી આગળને આગળ વધતી જાય તેમ તેમ તેઓને નિત નવાં સ્થળોની શોધ કરવી પડે છે. એટલે વાર્તાને નામ આપ્યું પોલિટેકનીક - સ્ત્રીઓ એ શોધેલી નિત નવી તરકીબો - યુક્તિઓ - જગાઓ.

★ હમણાં છાપામાં સમાચાર હતા, કોઇ ગામના છોકરાઓને પરણવાલાયક હોવા છતાં કોઇ કન્યા આપતું નથી. કારણ કે ગામમાં શૌચાલય નથી. છેવટે સરપંચે ઠરાવ કર્યો છે ગામમાં જાહેર શૌચાલયો બાંધવાનો.

★ "બદબૂ" - દિનેશ હિંગુની એક શોર્ટ ફિલ્મ આવી હતી - જેમાં મેટ્રોસીટીની ભીડભાડમાં અટવાયેલો એક વ્યક્તિ 'ટોઇલેટ' શોધ્યા કરે છે. પણ જાહેર જગ્યાએ કયાંય એકાંત જગ્યા મેળવી શકતો નથી અને આખી ફિલ્મ એક જ વિષય વસ્તુની આસપાસ ફર્યા કરે છે.

★ સુરેન્દ્રનગર - પાટડી નજીક આવેલા ખારા પાટમાં જયાં મીઠું પકડવવામાં આવે છે ત્યાં દૂર દૂર સુધી ખુલ્લા ખારોપાટ છે, કયાંક આડશ નથી - ઝાડી ઝંખરાં પણ નથી. પરિણામે ત્યાં કાળીમજૂરી કરી મીઠું પકવતા અગરિયાઓની જિંદગી નરક જેવી છે. તેમાં મોટી મુશ્કેલી એ છે કે દૂર દૂર સુધી આડશ ન હોવાથી સ્ત્રીઓને નહાવા - ધોવા - શૌચક્રિયા માટે ખૂબ હાડમારી વેઠવી પડે છે. તેથી દરેક અગરિયો ફરજિયાત રાખે છે સાઇકલ અને ખાટલો. કેમ? સાઇકલ લઇને - ખાટલો લઇને દૂર જવાનું - ખાટલાની આડશ કરવાની અને નિત્યકર્મ પતાવવાનું!

★ દરેક જાહેર સ્થળોનાં - ખાસ કરીને એસ.ટી. ડેપોનાં શૌચાલય એટલે જીવતાં - જાગતાં નરક! નાક ફાટી જાય એવી દુર્ગંધ એ ચારેબાજુ કીડા ખદબદતા નરી આંખો દેખાય... કોને અનુભવ નથી? એવું લગભગ દરેક સ્થળ વિશે કહી શકાય.

★ અમે મોટા શહેરની - મોટી ઓફિસમાં - સરકારી ઓફિસરને મળવા ગયા. ઓફિસમાં અસહ્ય વાસ આવે, મોઢા આગળ માખો બણબણતી હતી... મેં ઊભા થઇને તપાસ કરી તો ઓફિસના બારણાની બાજુમાં જ બાથરૂમ ઉભરાતું હતું. સૌ કોઇ ઊંચા પગ રાખીને પસાર થતું હતું... કોઇને પડી નહોતી કે ખિસ્સામાં થોડાક રૂપિયા ખર્ચીને સાફસફાઇ કરાવે... હાસ્તો, આપણે શું?

★ ઉત્તરપ્રદેશના મહારાજગંજમાં વિષ્ણુપુર ગામે ત્રણ સ્ત્રીઓએ આ જ પ્રાથમિક મુદ્દા માટે લડત ઉપાડી જે મોટા ભાગના ભારતની સમસ્યા છે. ત્રણેય નવવધૂઓ વિરોધ કરી પિયર જતી રહી અને જીદ કરી કે જયાં સુધી શૌચાલય નહીં બને અમે સાસરે નહીં આવીએ - પ્રિયંકા ભારતી, જયોતિ અને પ્રિયંકાની જીદ જીતમાં પલટાઇ. ગ્રામજનોએ એકબીજાની મદદ કરી શૌચાલય બનાવી બેન્ડવાજા સાથે નવવધૂઓને તેડી લાવ્યા.

★ વિકાસના રસ્તા પર સડસડાટ દોડતા ભારતની આ સમસ્યા છે. ભારતના ૭૦ % ગ્રામી વિસ્તારો પ્રાથમિક સુવિધાથી વંચિત છે.

સૂગ ચડાવ્યે ચાલે તેમ નથી! નાકનું ટીચકું ચડાવ્યે ચાલે તેમ નથી! મુઠ્ઠીભર લોકોને જ તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. બાકી મોટા ભાગના લોકો પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત છે. તેઓ પણ આપણા જેવા જ સ્વતંત્ર ભારતના - વિકાસશીલ ભારતના - નાગરિકો હોવા છતાં નરક કરતાં ખરાબ જગાએ વસવાટ કરે છે. એમની પેઢીઓ સ્વચ્છ હવા - પાણી - શૌચાલય - જેવી પાયાની જરૂરિયાત મેળવી શકતી નથી - એ નક્કર હકીકત છે. આપણે શું? કહીને દૂર રહી શકીશું? આપણી આસપાસનાં સામાન્ય માણસો સાથે ભરપૂર નિસ્બત રાખી એમની પડખે ઊભા રહેવાની જરૂર આપણને લાગે છે ખરી?

"લોકોમાં આટલી હદે થીજી ગયેલાં ઝરણ કેમ?
ભણેલા માણસો આટલા બધા અભણ કેમ?"

- સુરેશ દલાલ